


કિંમત ₹ ૫


માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૩૫ ● જુલાઈ, ૨૦૧૮

કાલુપુર
શ્રી સ્વામિનારાયણ
મંદિરમાં
કેશરસ્નાન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧













૧. નારણઘાટ મંદિરમાં અધિકમાસ નિમિત્તે ઠાકોરજીને અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૨. જીવરાજપાર્ક મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૩.મહાદેવનગર મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અન્નકૂટ દર્શન તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.૪. મેમકા (મૂળીદેશ) ગુરૂમંત્ર મહામહોત્સવ પ્રસંગે હરિભક્તો સાથે દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. મોડાસા(નાવંદા) મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અન્નકૂટ દર્શન.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૨ ● અંક : ૧૩૫

જુલાઈ-૨૦૧૮

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | સેવકરામ | ૦૫ |
| ૦૪. | સુખનિધિને પ્રણામ | ૦૮ |
| ૦૫. | ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે સંક્ષિપ્ત આલેખન | ૧૧ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૯ |
| ૦૯. | પ્રશ્નપેટી | ૨૨ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૩ |

# અસ્મદીયમ્

વર્ષાઋતુના આગમને સમગ્ર સૃષ્ટિને આનંદમય બનાવી છે. પર્યાવરણ ને દુષિત કરવામાં માણસે કાંઈ બાકી નથી રાખ્યું. જો આમને આમ પર્યાવરણને નહીં સાચવીએ તો આપણે આવતા વર્ષોમાં ૫૦ અંશ ફેરન હીટ ગરમીનો ભોગ બનવું પડશે તે નક્કી વાત છે. અમારા સર્વે હરિભક્તોને અમારું નમ્ર સૂચન છે કે આપ જ્યાં રહેતા હોય ત્યાં પ્રથમ સ્વચ્છતા રાખવાનું નિયમ રાખશો. આપણા ઘરેથી શરૂઆત કરીએ તો જ આપણે તેનો અમલ કરાવી શકીએ અને અનુકુળ જગ્યા મળે ત્યાં પરિવાર દીઠ એક વૃક્ષ છોડ આ વર્ષાઋતુમાં વાવજો અને તેના ઉછેરની પણ જવાબદારી નિભાવજો. આ કાંઈ મોટી જવાબદારી નથી. છતાં આપણી ફરજમાં આવે છે અને તે આપણે કરવું જ પડે અને તેમાં આપણા ઈષ્ટદેવ પણ ખૂબજ રાજી થશે. અને આપણું અતિ રૂડું થશે. આ ચાતુર્માસમાં આઠ નિયમ પૈકી આ પણ નિયમ લેશો. આપણે જ્યાં રહીએ ત્યાં સ્વચ્છતા રાખવી અને પર્યાવરણને નુકશાન થાય તેવી પ્રવૃત્તિ બંધ કરવી.

**ભૂંડા સ્વભાવને ટાળવાનો ઉપાય** ''જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે. તેની પેઠે જે, દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટલે છે અને તે એમ વિચારે જે, જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે અને વર્ષો વર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે, પણ મૂર્ખ વાણિયો જેમ, નામું માંડે નહી તેની પેઠે ન કરે.' એવી રીતે જે સત્સંગ કરીને પોતાનો જો તપાસ કરતો રહે તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે. (વ.સા. ૧૮)

માટે આપણે જો કાંઈ એવો મિલન સ્વભાવ રહેતો હોય તો તેને ટાળી નાખવો.



**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જૂન-૨૦૧૮)



૩ શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૫-૬ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) અ.નિ. પૂ. સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની સ્મૃતિ પારાયણ પ્રસંગે પધરામણી.

૧૨થી૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર બાયરન ૫ મો પાટોત્સવ, (અમેરિકા) એટલાન્ટા મંદિર પાટોત્સવ અને ટીમટન (અમેરિકા) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩ સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ સંપન્ન થઈ.

૨૪ મેમકા (મૂળી દેશ) ગામે ગુરુમંત્ર મહામહોત્સવ પ્રસંગે નવા આશ્રિતોને ગુરુ મંત્ર પ્રદાન સંપન્ન.

૨૫ બાલાસિનોર ગામે વાડીના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.

૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી (વાસણા) ઠાકોરજીને કેશર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ પંચવટી ઠાકોરજીને કેશર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

# પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ


(જૂન-૨૦૧૮)




૭ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર અધિક માસ નિમિત્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૧૨થી૨૩ અમેરિકા ધર્મપ્રવાસ, શ્રી સ્વામિનારાયણ મંદિર બાયરન ૫ મો પાટોત્સવ, એટલાન્ટા મંદિરમાં સત્સંગ સભા અને આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર નવા મંદિર ટીમટનમાં સત્સંગ સભા આદિ પ્રસંગે પધરામણી.

૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવને કેશર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.



# સેવકરામ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

શ્રીહરિ વનવિચરણ કરી રહ્યા હતા ત્યારે ઘણા સાધુઓના સંઘનો સંઘાથ થયેલો. તેમાંના સંપ્રદાયમાં ખૂબ જાણીતા એક સેવકરામ નામે સાધુ હતા. તેઓ બહુ સારા વિદ્વાન શ્રીમદ્ ભાગવત પુરાણ આદિ શાસ્ત્રોના ભણેલા હતા. તેઓ અયોધ્યામાં ભગવાન શ્રીરામચંદ્રના જન્મ સ્થાન મંદિરમાં સેવા કરતા. શ્રીહરિ બાળસ્વરૂપે અયોધ્યામાં નિવાસ કર્યો ત્યારે સખાઓની સંઘાથે નિત્ય જન્મ સ્થાન મંદિરમાં દર્શન કરવા જતા. શ્રીહરિ સાધુ સેવકરામની સાધુતાની પવિત્રતા સરળતા અને વિદ્વતાને આદર આપીને પાસે બેસતા. શ્રીહરિ તેમની પાસેથી ભાગવતના ભ્રમરગીત અને ગોપીકાગીતના શ્લોક શીખ્યા હતા. સેવકરામને શ્રીબાળ ઘનશ્યામની મૂર્તિમાં દિવ્ય ભાવ આવ્યો હતો. તેથી ખૂબજ આદરપૂર્વક જ્ઞાનવાર્તા કરીને પ્રભુને રિઝવવા પ્રયત્નો કરતા. તેઓને જ્યાં સુધી ઘનશ્યામ મહારાજનાં દર્શન ન થાય ત્યાં સુધી કોઈ ચેન ન પડે. ભગવાનપણાના નિશ્ચયથી ખૂબજ નજદીક પહોંચી ગયા હતા. તેઓ જન્મસ્થાન મંદિરમાં આવતા જતા યાત્રાળુ તથા સાધુ સંતોને શ્રી ઘનશ્યામ મહારાજના ગુણોની વાત કરતા. જે દિવસે દર્શન ન થાય તે દિ' અંતરમાં ઘણુંજ અકળાઈ જતા. વળી તેઓ પૂર્વાશ્રમમાં સરયુપારી અયોધ્યા પાસે મખોડાઘાટની પાસેના ગામના જ વિપ્રની નાતના હોવાથી જ્ઞાતિ-કુટુંબ ભાવ પણ થતો. શ્રીહરિ તેઓને પોતાના જીવન ઉદ્દેશના સંકલ્પોની પાત્રતા જાણીને વાત કરતા. હવે તો સેવકરામ સાધુને જન્મ સ્થાનની સેવા કરતાં શ્રી ઘનશ્યામ મહારાજમાં અતિ સ્નેહ થયો. સાચી પ્રીતિની તો ત્યારે ખબર પડી કે, શ્રીહરિ વનવિચરણ કરવા ઘરનો ત્યાગ કર્યો ત્યારે શ્રીહરિના વિયોગથી કેટલાક દિવસ અન્ન જળપણ લીધા નહિ. ઘનશ્યામ પ્રભુની ભાળ પૂછવા મોટાભાઈ રામપ્રતાપભાઈ શ્રીહરિને સેવકરામ સંગાથે ખૂબજ મનમેળાપ હતો એટલે તેમણે પૂછવા મોટાભાઈ જન્મ સ્થાન મંદિરમાં આવ્યા અને શ્રીહરિ વિષે પૂછ્યું ત્યારે સેવકરામ સાધુ વિરહમાં રડવા લાગ્યા. આંખના આંસુ લૂછતા લૂછતાં કહ્યું કે

ઘનશ્યામ પ્રભુ કેટલાક દિવસથી અતિ વૈરાગ્યની વાતો કરતા જેથી તેઓ તીરથ યાત્રા કરવા નીકળી ગયા હોય એવું મને લાગે છે. તે જાણીને મોટાભાઈની આંખમાં પણ આંસુ આવી ગયાં. કેટલાક દિવસ પછી સેવકરામ શ્રીહરિના વિયોગ સહન કરી ન શકતાં ક્યાંક તીરથમાં ભેટો થઈ જાય એવા ભાવથી તેઓ રામેશ્વરમ આદિ ધામોની યાત્રા કરવા જન્મસ્થાન મંદિરની સેવા છોડીને નીકળી ગયા. સાથે કેટલાક સાધુનો સંગાથ હતો. ફરતા ફરતા શ્રીહરિના સદ્‌ગુણોની સ્મૃતિ કરતાં કરતાં બોલતા કે, જગતમાં મોટા મોટા યોગી ત્યાગી વૈરાગી અનંત જોયા પણ ઘનશ્યામ પ્રભુના તુલ્ય કોઈ ના આવે.

શ્રીહરિ વનમાં પધાર્યા ત્યારથી બરાબર પાંચ વર્ષ થતાં દક્ષિણ ભારતમાં વૈંકટાદ્રિ પર્વતથી રામેશ્વરમ્ જતાં વચમાં શ્રીહરિની ઈચ્છાથી સેવકરામ અને નિલકંઠ વર્ણીનો ભેટો થયો. બન્ને પરસ્પર ખૂબજ ભાવથી મળ્યાં. સેવકરામે કહ્યું ! વર્ણીજી ! આપના પરિવારિક જનો આપના વિરહથી ખૂબજ દુઃખી છે. ક્યાંય મન લાગતું નથી. અન્નજળ લીધા વિના શરીર સૂકવી નાખ્યાં છે. તો હું આપની શોધ કરવા નીકળ્યો છું. માટે આપણે બન્ને પાછા અયોધ્યા જઈએ. શ્રીહરિ વાત સાંભળીને હસ્યા અને બોલ્યા અમારો અને તમારો સંગાથ હવે નહિ રહે. પૂર્વાશ્રમના જે સંબંધી હોય તેને ત્યાગીએ સંભારવા જોઈએ નહિ. ત્યાગી થઈને જે પોતાના સંબંધીને સંભારે તેને બંધન જરૂર થવાનું. હવે હું તમારો પણ સંગ નહિ રાખું. હું એકલો જ ફરીશ. એટલા માટે કોઈપણ ત્યાગીને પણ ભેળા રાખતો નથી. કોઈને ભેળા રાખીએ તો તે જઈને ઘરના લોકોને વાત કહે. ઘરના લોકો પાછળ પાછળ આવે તો અમને ત્યાગનું સુખ રહે નહિ. પરસ્પર સંબંધી જ્યારે ભેળા મળે ત્યારે ત્યાગની મજા ચાલી જાય. સેવકરામ સંબંધના નાતે વનમાં ભેળો ચાલતા ચાલતા જગતની વ્યવહારની સગા-સંબંધીની વાતો કરી કરીને શ્રીહરિની વૃત્તિમાં જગતનો અભાવ કાઢવા યુક્તિઓ પ્રયત્નો કરવા લાગ્યો ત્યારે શ્રીહરિ ખૂબજ ઉદાસ થઈ ગયા. વર્ણીનો વૈરાગ્ય એવો તીવ્ર હતો કે જગતની વાત તો ભોજનમાં કાંકરાની જેમ વિક્ષેપ થતો. સેવકરામ કુટુંબ કબીલા નાત જાતની વાત કરે તો જવાબમાં વર્ણી ભરતજીનું ચમત્કારી આખ્યાન કહેતા. એક દિવસ તેને સૂતો મુકીને વર્ણી ચાલી નીકળ્યા. સવારમાં જ્યારે વર્ણીને ન જોયા ત્યારે રોવા લાગ્યો અને વિરહ્‌ના ભયથી તેનું પેટ છુટી ગયું. અર્થાત તેને ઝાડા થઈ ગયા. ને તેની સાથે જે સાધુ આવ્યો હતો તે પણ તેને મુકીને ચાલી નીકળ્યો. તેથી વધુ રડવા લાગ્યો. નિરાધાર થઈ ગયો. શ્રીહરિને તેના પર દયા આવી તેને સાધુ જાણીને તેને મળ્યા અને બોલ્યા કે, ભગવાન સિવાય કોઈ વાત કરવી નહિ. તમે ત્યાગી થયા છો. આમ વર્તશો તો જ હું તમારી સહાય કરીશ અને કહેશો તે લાવી આપીશ. તેણે વર્ણીને ભગવાન વિના બીજી વાત ન કરવાનું નિયમ લીધું. ત્યારે વર્ણી ખૂબ રાજી થયા અને બોલ્યા કે, ભગવાનનું જે ચિંતવન સ્મરણ ભજન કરે તે વિના મને કોઈ જન ગમતા નથી. ત્યાગીનું ત્યાગ જ આભૂષણ છે.

શ્રીહરિ ચાલતા રસ્તામાં એક ગામ આવ્યું. ગામ બહાર સારી ફુલવાડી હતી. તેમાં એક મોટો વડ હતો. વડમાં હજાર ભૂત રહેતાં હતાં. કેળના પાન લાવીને સૂવા માટે તેની પથારી કરી આપી. તેને લોહીખંડ પેટ બેસણું (ઝાડામાં લોહી પડવા) એવું દર્દ થયું હતું. શ્રીહરિ તેની સેવા કરતા. તેની સંગાથે કોઈ નહતું. વળી તે અતિશય નિરાશ થઈ ગયેલો દેખાતો હતો. એટલે શ્રીહરિએ તેના પર દયા કરીને બે મહિના સુધી તેની સેવા કરી. પછી તો તે નિરોગી થઈ ગયો, સરસ ચાલતો થઈ ગયો. છતાં તેની પાસેનો એક મણ જેટલો ભાર શ્રીહરિ ઉપાડતા અને તે હાથમાં માળા લઈને ચાલતો. વળી તે શ્રી વર્ણીના સુખદુઃખની સંભાળ પણ રાખતો નહિ. તેની પાસે હજાર સુવર્ણ મુદ્રાઓ હતી તેમાંથી પોતે પોતાને માટે પાકી રસોઈ કરાવીને એકલો જમતો. વર્ણી ગામમાં ભિક્ષા લાવીને જમતા ક્યારેક ભિક્ષા ન મળે તો ભૂખ્યા રહેતા કેમ કે તીર્થયાત્રા કરતાં પારકું અન્ન પુણ્યને હરિ લે છે. તેમાંય વળી ત્યાગી પાસે રહેલું દ્રવ્ય જમવા સવર્થા વર્જીત છે. ત્યાગીના નિયમ પ્રમાણે ભિક્ષાવૃત્તિ એ જ ત્યાગીની નિજ વૃત્તિ નિયમ છે. વળી ત્યાગીની પાસે

(અનુ. પેજ નં. ૧૦ ઉપર)

# સુખનિધિને પ્રણામ

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)



वसन्ततिलका वृत्तम् ।

श्रीनीलकंठ हरिकृष्ण हरे दयालो स्वामिन् परात्परवराक्षरधाम वासिन,
हारिप्रसाद पुरुषोत्तम धर्मपुत्र नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥१॥
यद्वद्रमन्ति परमाणुगणा गवाक्षे भूमन्नसंख्यभुवनानि तथोद्व्रजन्ति ।
त्वद्धामरोमविवरे निखिलार्ति हारिन नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥२॥
विघ्नोघपूगदलनस्मरणं शरण्यं पाषण्डखण्डनविचक्षण माप्तकाम् ।
शेषागमश्रुतिशिरोक्षरमुक्तगीतं नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥३॥
संसारनीरनिधिममज्जदसंख्य जीवान्निर्हेत्वदम्र दयया द्रुतमुदधरन्तम् ।
अप्राकृतान्यतुलनोज्झितपुण्यकीर्ति नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥४॥
निर्दोषभक्तजनजुष्टमनन्तकोटिब्रह्माण्डजन्मपरिपालनभंगलीलम् ।
कल्याणकारिसकलाचरितं स्वतंत्र नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥५॥
दिव्यादभूतानवधिकातिशयस्वसिद्धजानादिसदगुणनिधानमनन्यसाम्यम् ।
एकान्तधर्मभवनौ परिपोषयन्तं नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥६॥
वाक्यामृताब्धिपरितर्पितभक्तजातं स्वीयान्तरारिदलनातुलप्रतापम् ।
अज्ञानसंजतिमिरव्रजहारिबांध नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥७॥
इन्दीवरासितमणीन्द्रपयोदवर्णकोटिस्मरस्मयविभेदनदिव्यरुपम् ।
संचिन्तितं परमहंसगणैरजस्त्रं नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥८॥

इति अचिन्त्यानन्द वर्णि रचित श्रीनारायणस्तवनाष्टकम् ॥

श्रीनीलकंठ हरिकृष्ण हरे दयालो स्वामिन् परात्परवराक्षरधाम वासिन,
हरिप्रसाद पुरुषोत्तम धर्मपुत्र नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥१॥

પર અર્થાત જેને કોઈ સમજી શકે નહીં તે જાણી શકે નહી તે જીવની બુદ્ધિથી બહુજ દૂર તે જે છે તેને આત્માને બ્રહ્મ કહે છે અને કોઈ એ સાધના દ્વારા કે ઈશ્વર કૃપાથી આત્મદર્શન કર્યું છે તે આત્મદર્શી કે બ્રહ્મજ્ઞાની પણ જે સ્વરૂપને સમજી શકતા નથી કે તેને ઓળખી શકતા નથી એવું જેનું સ્વરૂપ છે તે પરમેશ્વર આ પૃથ્વી ઉપર મનુષ્ય શરીર ધારણ કરીને જગતની સર્વ પ્રકારની જે શોભા સંપત્તિ તેને ધારણ કરીને નિલકંઠ નામે જગતના હિત માટે વન વિચરણ કરીને કઠોર તપશ્ચરણ કરે છે, તે અક્ષરધામમાં નિવાસ કરનારા ધર્મદેવ ના પુત્ર રૂપે પ્રગટ થઈને હરિકૃષ્ણ એવા નામે ઓળખાય છે, તે સાક્ષાત્ શ્રીહરિ જીવ પ્રાણી માત્ર ઉપર અતિ દયાએ યુક્ત સમગ્ર વિશ્વના શાસક અને નિયંત્તા પણ છે, જે જીવ માત્રને વરવા યોગ્ય છે અર્થાત પ્રેમથી પ્રાપ્ત કરવા યોગ્ય છે, કારણ કે પુરૂષોમાં સાક્ષાત્ પુરૂષોત્તમ તે જ છે, જીવો ઈશ્વરો અને વિશ્વસૃષ્ટા પ્રકૃતિ-પુરૂષો કે મહાપુરૂષો સર્વના નિયન્તા અને તે સર્વના સ્વામિ છે, તે આજ હરિપ્રસાદ વિપ્રના ધર્મના પુત્ર રૂપે પ્રગટ થઈને સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૧)

यद्वद्रमन्ति परमाणुगणा गवाक्षे भूमन्नसंख्यभुवनानि तथोद्व्रजन्ति ।
त्वद्धामरोमविवरे निखिलार्ति हारिन नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥२॥

તમારૂ જે અવિનાશી ધામ નિવાસ સ્થાન જે સાકાર મૂર્તિમાન છે, તેના દિવ્ય તેજાયમાન શરીરના રૂંવાડાના છિદ્રોમાં અસંખ્ય બ્રહ્માંડો અણુંની જેમ ઉડતા ફરે છે, જેમ જગતના જીવના નિવાસમાં અર્થાત ઘરમાં બારી કે છતના કોઈ છિદ્રમાંથી પ્રકાશ આવે ને તેમાં જેમ સૂક્ષ્મ જીણા તંત્તુઓ ઉડતા દેખાય છે, તેમ જેની સંખ્યા ગણી શકાય તેમ નથી તેવી રીતે તમારા અક્ષરધામના છિદ્રોમાં ઉડતા બ્રહ્માંડોની પણ સંખ્યા ગણી શકાય તેમ નથી તેથી અસંખ્ય છે, તેમ વેદો પણ કહે છે, એવા અદ્ભુત દિવ્ય ધામ નિવાસી સર્વ જીવ પ્રાણી માત્રના સર્વ પ્રકારના દુઃખોને સ્મરણ કરવા માત્રથી હરિ લો છો. દૂર કરો છો એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું (૨)

विघ्नोघपूगदलनस्मरणं शरण्यं पाषण्डखण्डनविचक्षण माप्तकाम् ।
शेषागमश्रुतिशिरोक्षरमुक्तगीतं नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥३॥

તમારા શરણાગત એકાંતિક ભક્તોને તો તમારું સ્મરણ કરવા માત્રથી સર્વપ્રકારના મહાવિઘ્નો નો સમુદાય નાશ પામી જાય છે, માટે જ તમે એકજ મોટા મોટા સમર્થ સિદ્ધો અને અક્ષરમુક્તોને પણ આશ્રય કરવા યોગ્ય છો, તે સર્વ તમારો આશ્રય કરીને જ સ્થિર રહે છે, અને સાક્ષાત્ શેષનારાયણજી એકહજાર મુખોથી અને વેદની અસંખ્ય શ્રુતિઓ અર્થાત વેદના શ્લોકો શારદા સરસ્વતી અને જે મહાન મુક્ત પદવી પ્રાપ્ત કરી ચૂક્યા છે તે અક્ષરમુક્તો પણ સર્વદા તમારું જ યશગાન કર્યા કરે છે. અને તમારા સંકલ્પમાત્રથી જગતમાં દંભ પાખંડ કરનારાઓનો નાશ થઈ જાય છે . એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૩)

संसारनीरनिधिममज्जदसंख्य जीवान्निर्हेत्वदम्र दयया द्रुतमुदधरन्तम् ।
अप्राकृतान्यतुलनोज्झितपुण्यकीर्ति नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥४॥

આકાશની જેમ જેમની દયાનો કોઈ પાર નથી એવી કોઈ પણ પ્રકારના હેતુ અર્થાત સ્વાર્થ વિનાની દયા આ સંસાર રૂપી ક્લેશ દુઃખ અને કષ્ટના અપાર સાગરમાં ડુબકા ખાતા અસંખ્ય જીવો ઉપર કરો છો, અને તત્કાળ તે જીવોનો ઉદ્ધાર કરીને પોતાના દિવ્ય અક્ષરધામમાં નિવાસ કરાવો છો, તેથી તમારી કીર્તિ અને યશ એવા પુણ્યશાળી છે કે તેના સમાન બીજા કોઈ અક્ષર પર્યન્ત તેવી યશ કે કીર્તિને મેળવી શકતા નથી. જે અલૌકિક છે અને જેની દિવ્યતાની તુલના કોઈ સાથે થઈ શકે તેમ નથી એવી પાવનકારી છે. એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૪)

निर्दोषभक्तजनजुष्टमनन्तकोटिब्रह्माण्डजन्मपरिपालनभंगलीलम् ।
कल्याणकारिसकलाचरितं स्वतंत्र नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥५॥

તમારા શરણે આવેલાં અર્થાત તમે સ્થાપેલાં દેવ, આચાર્ય અને શાસ્ત્રોને વળગી રહેલાં છે એવા જે ભક્તો તેમનામાંથી સર્વ પ્રકારના દોષો નાશ પામી ગયા છે, તેમને સદા મનોરંજન પૂર્વક આનન્દ આપો છો, તે ભક્ત સમૂહનું રંજન કરો છો, અને અસંખ્ય કરોડો બ્રહ્માડોની ઉત્પતિ સ્થિતિ અને પ્રલય રૂપ કાર્ય તો જેમની લીલા માત્ર ચરિત્ર છે, તેવા અસંખ્ય ચરિત્રો દિવ્ય હોય કે મનુષ્ય દેહ ધારણ કરીને કરેલાં માનુષ્ય ચરિત્ર હોય તે સર્વ પ્રકારના લીલાચરિત્રો આશ્રય કરનારા જીવ માત્રને સદા કલ્યાણકારી છે, અને સ્વયં તો સર્વદા સ્વતન્ત્ર અર્થાત જેમને કોઈની ક્યારેય કોઈ પણ પ્રકારની અપેક્ષા કે સહાય સથવારાની આવશયકતા નથી . એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું. (૫)

दिव्यादभूतानवधिकातिशयस्वसिद्धजानादिसदगुणनिधानमनन्यसाम्यम् ।
एकान्तधर्मभवनौ परिपोषयन्तं नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥६॥

આ પૃથ્વી ઉપર જેમનું એકાન્તિક ધર્મનું પોષણ કરવા રૂપ કાર્ય એવું દિવ્યાતિ દિવ્ય અર્થાત દિવ્યથી પણ અતિ દિવ્ય છે, અદ્ભુત છે. જે ભૂતકાળમાં ક્યારેય થયું જ નથી એવું છે. છતાં સ્વયં સિદ્ધ છે. કોઈના કહેવાથી કે કોઈની પ્રાર્થનાથી તે કાર્ય કરેલ નથી. જેમને જ્ઞાન ધર્મ ભક્તિ વૈરાગ્ય વિગેરે સદ્ગુણોના નિધિ એટલે કે સાગર કર્યા છે, જેમના સમકક્ષ જગતના બીજા કોઈ સિદ્ધો કે મહાપુરૂષો થઈ શકતાં નથી, એવા સમર્થ પોતાના શરણે આવેલાને કર્યા છે, એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યંતિક સુખના નિધિ

અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૬)

वाक्यामृताब्धिपरिरर्पितभक्तजातं स्वीयान्तरारिदलनातुलप्रतापम् ।
अज्ञानसंजतिमिरव्रजहारिबांध नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥७॥

જીવના હૃદયમાં ઘુસી ગયેલાં અહં અને મમત્વ અર્થાત હું અને મારું રૂપ જે અજ્ઞાન રૂપી અંધકારને પોતાના ભક્તોના સમૂહમાંથી સત્ય યથાર્થ જ્ઞાનના ઉપદેશથી વચનરૂપી અમૃતથી વચનામૃતો જે પ્રસિદ્ધ જેની સંખ્યા ૨૭૩નો સમૂહ છે, જેને પાંચ નંદ સંતો (૧) ગોપાળાનંદ સ્વામી (૨) મુક્તાનંદ સ્વામી (૩) બ્રહ્માનંદ સ્વામી (૪) નિત્યાનંદ સ્વામી (૫) શુકાનંદ સ્વામી જેવા સમર્થ વિદ્વાનોએ સંગ્રહિત કરેલ છે. તે દ્વારા સદા સંતોષ અને આનન્દ આપો છે. અને ઉપદેશથી પ્રાપ્ત થયેલ સમજણથી પોતાના ભક્તોના અન્તઃશત્રુઓનો નાશ કરવા રૂપ અતુલ શક્તિ સામર્થ્યને આપો છો, એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યંતિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૭)

इन्दीवरासितमणीन्द्रपयोदवर्णकोटिस्मरस्मयविभेदनदिव्यरुपम् ।
संचिन्तितं परमहंसगणैरजस्त्रं नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥८॥

મોટા મોટા પરમહંસો અક્ષર મુક્તો બ્રહ્માંડના નિયંતા નાયકો, જગતના જીવો, વિદ્વાનો, ગૃહસ્થો અને પોતાના એકાન્તિક ભક્તો હમેંશાં અખંડ ગાન કરે છે, અને તેમના સ્વરૂપનું ચિંત્તવન કરે છે. જેમના દિવ્ય શરીરનો વર્ણ તાજા અષાઢ માસના નવીન મેઘ વાદળાના જેવો છે. જે આકાશમાં વાદળો એવી ગર્જના કરી રહ્યા છે જાણે શેષનારાયણની હજારો ફેણાઓ ફુંફાડા મારતી હોયને શું તેવા મેઘ જેવું શ્યામ શરીર ધારી રહ્યા છે, તે એવું રૂપાળું છે કે સાક્ષાત્ કામદેવના રૂપના ગર્વને પણ નાશ કરે છે. એવા સ્વામિનારાયણ નામે જગતમાં પ્રસિદ્ધ થઈને શરણે આવેલાં સર્વ જીવને આત્યન્તિક સુખના નિધિ અર્થાત અક્ષરધામનું મહાસુખ આપે એવા મારા ઈષ્ટ તમને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. (૮)

અનુ. પેજ નં. ૭ નું ચાલુ

રહેલાં દ્રવ્યમાં તો અનંત કરોડ દોષ રહ્યા હોવાથી બે માસમાં એકવાર પણ વર્ણીએ તે દ્રવ્યમાંથી અન્નનો દાણો પણ જમ્યા નહિ. વળી તેને વર્ણીને જમાડવાનો સેવકના નાતે વિવેક સરખો પણ કર્યો નહિ. સેવકરામે પોતાના કર્તવ્યને નેવે મુકી દીધા તો વર્ણીએ નિજધર્મ સાઙ્ગોપાઙ્ગ પાળ્યો. સેવકરામને કૃતઘ્ની જાણીને શ્રીહરિએ તેનો સાથ છોડી દીધો. શ્રીહરિનો સહજ સ્વભાવ એવો હતો કે તેઓ ભાર નામે રૂમાલ પણ રાખતા નહિ.


શ્રીહરિ ચાલી નીકળ્યા પછી સેવકરામને વિરહની વેદના સહન થઈ શકી નહીં. હજાર સુવર્ણ સોના મહોર હતી તો પણ ભોજન ભાવે નહિ. રાત્રે નિદ્રા આવે નહિ. વર્ણીએ કરેલા ઉપકારને યાદ કરે વળી પોતે કરેલા અપકારનો પસ્તાવો કરે. આગળ ચાલવા તેમજ પાછો અયોધ્યા પહોંચવા સમર્થ ન થયો ત્યારે એક વૃક્ષના નીચે બેસીને અન્નજળ લીધા વિના દેહનો ત્યાગ કર્યો.

આ પ્રસંગની શ્રીહરિએ સંવત ૧૮૭૬ માગસર સુદિ તેરસના દિવસે ગઢડામાં વાત કરી છે. (વચનામૃત ગ.પ્ર.પ્ર. ૧૦)

શ્રીહરિની સેવા ચૂકી ગયેલા સેવકરામ સાધુનો બીજો જન્મ શ્રીહરિની કૃપાથી કાઠીયાવાડમાં ઝીંઝર ગામે ક્ષત્રિય કુળમાં થયો. ખોડાભાઈ રાજપૂત પૂર્વ જન્મના દોષથી વિંટાયેલા હોવાથી વ્યવહારે બહુજ દુર્બળ હતા. શ્રીજી મહારાજની આજ્ઞાથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પચીસ સાધુના મંડળની સાથે ઝીંઝર આવ્યા. સાધુને જમાડવા રજપૂતે પોતાની શુરવીરતાની ઓળખ સમાન તલવારને વાણીયાની દુકાને ગિરવે મુકીને સીધું લાવી સાધુને જમાડ્યા. ત્યારે સ્વામી કહે સંતો પચીસ પચીસ માળા ફેરવો. ખોડાભાઈનો વ્યવહાર સુધરે અને તલવાર છોડાવી લાવે. કેમ કે ક્ષત્રિયની તલવાર જાય તો ક્ષત્રિયત્વ ચાલ્યું જાય છે. સંતોની પ્રાર્થનાથી તથા સંતોને થાળ જમાડવાના પુણ્ય પ્રતાપે એકાદ બે મહિનામાં ખેતરમાં વાવેલું અનાજ સારુ પાક્યું અને તલવાર છોડાવી લાવ્યા.

# ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે સંક્ષિપ્ત આલેખન

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



અષાઢ સુદ-૧૫ એટલે ગુરુ પૂર્ણિમા જેને વ્યાસ પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. હિન્દુ સંસ્કૃતિમાં આ દિવસે વ્યાસ ભગવાનનું પૂજન થાય છે. કારણ કે વ્યાસજી જ્ઞાનમાર્ગના આચાર્ય છે. વચનામૃતમાં શ્રીહરિ વ્યાસજીનો ઉલ્લેખ કરતા કહે છે, સર્વે જે આચાર્ય થયા છે તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, નિંબાર્ક, વિષ્ણુ સ્વામી અને વલ્લભાચાર્ય આ જે મોટા મોટા આચાર્ય થયા તે સર્વે જો વ્યાસજીના વચનને અનુસરે તો એ આચાર્યના વચનનું લોકમાં પ્રમાણ થાય, નહિ તો ન થાય. અને વ્યાસજીને તો બીજા કોઈની અપેક્ષા નથી. કેમ જે, વ્યાસજી તો વેદના આચાર્ય છે ને પોતે ભગવાન છે. માટે આપણે તો વ્યાસજીના વચનને અનુસરવું.

આ ઘોર કલિકાળમાં વર્તમાન સમયે સર્વાવતારી સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણને દેવ, આચાર્ય અને શાસ્ત્ર સ્વરૂપે પ્રગટ મળ્યા છે. એ પ્રગટ ભગવાનના વચનને અનુસરવાથી જીવાત્માનું સહેજે કલ્યાણ થાય છે. વચનામૃતમાં શ્રીહરિ કહે છે, સત્સંગી હોય તેણે આપણા ઉદ્ધવ સંપ્રદાયની રીત તથા ગુરુ પરપંરા અવશ્ય જાણી જોઈએ. કારણ કે સત્સંગીને કોઈક પૂછે અથવા પોતાના મનમાં કાંઈક તર્ક થઈ આવે ત્યારે જો તે વાર્તા જાણી ન હોય તો તેનું સમાધાન કેમ થાય? શ્રીહરિ પોતે જ ગુરુ પરંપરાની વાત કરતા કહે છે, ઉદ્ધવ તે રામાનંદ સ્વામી રૂપે હતા, ને તે રામાનંદ સ્વામી શ્રીરંગ ક્ષેત્રને વિષે સ્વપ્રમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ. એવી રીતે ગુરુ પરંપરા જાણવી. **અને અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી.**

હવે આપણે ધર્મકુળના સ્થાપનની રીત તથા તેનો મહિમા સંક્ષિપ્તથી જોઈએ. શ્રીહરિએ ક્યાંય ખૂણે ખાંચરે નહી પરંતુ સંતો ભક્તોની ખૂબ મોટી વિશાળ સભામાં આ કાર્ય કર્યું છે. અસલાલી ગામની સભામાં વિચારણા, જેતલપુરની સભામાં અમલ તથા વડતાલની સભામાં આ વાતને કાયમી સ્વરૂપ આપ્યું છે. સ્મૃતિ તરીકે આ સ્થાનના આજે પણ દર્શન થાય છે. શ્રીહરિ સ્વયં અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ હોવા છતાં આ લોકની એક મર્યાદાને અનુસરીને સભામાં લોકશાહીની રીતે વિચાર-વિમર્શ કરીને એવા નિર્ણય પર આવ્યા કે, **મારા અનેક આશ્રિતોનું તેમજ ધર્મનું હિત તો ધર્મકુળના હાથમાં જ સુરક્ષિત રહેશે.** એ નિર્ણયથી મોટા ભાઈ રામપ્રતાપભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજી અને નાના ભાઈ ઈચ્છારામના પુત્ર રઘુવીરજીને વેદોક્ત વિધિ કરાવી દત્તક વિધાનથી પુત્ર તરીકે સ્વીકારીને બન્ને પુત્રોને પોતાના જ આસન ઉપર બેસાડીને વહીવટી સરળતા માટે ઉત્તર વિભાગ-અમદાવાદ અને દક્ષિણ વિભાગ વડતાલ એમ બે ગાદી કરીને અનુક્રમે અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી તથા રઘુવીરજી મહારાજશ્રીનું આચાર્ય પદે સ્થાપન કરી ભક્તોએ સહિત સ્વયં શ્રીહરિએ તે આચાર્યોની પૂજા આરતી કરી છે. તે પરંપરા અનુસાર વર્તમાન કાળે પણ ધર્મકુળ આશ્રિત ભગવાનના ભક્તો

પોતપોતાના ગુરુ એવા ધર્મવંશી આચાર્યશ્રીનું પૂજન જેમાં ગુરુ પૂર્ણિમાના પવિત્ર પર્વના દિવસે વિશેષ સભાના આયોજન સાથે ગુરુ પૂજન કરે છે. **શ્રીહરિનું વચન છે કે, આ બંને આચાર્યના વંશજોમાંથી ભવિષ્યમાં થનાર આચાર્યનો પણ જે આશ્રય કરશે તેને હું જરૂર મારા અક્ષરધામમાં લઈ જઈશ.**

કળિયુગમાં સ્ત્રીના ગુરુ સ્ત્રી અને પુરુષના ગુરુ પુરુષ બને તે હેતુથી સ્વયં શ્રીહરિએ જ ધર્મવંશી આચાર્યશ્રીને ગૃહસ્થ જીવન આપ્યું છે. અને એ મર્યાદાનું પાલન કરવા સ્ત્રી ભક્તોને મંત્ર ઉપદેશ આચાર્યશ્રીના ધર્મપત્ની જેઓ પૂ. ગાદીવાળાશ્રી તરીકે ઓળખાય છે તેઓ જ આપે છે.

આચાર્ય સ્થાપન બાદ શ્રીહરિના સંતો-ભક્તોને ઉદ્દેશીને વચનો છે કે, **આ બંને આચાર્યોને મેં મારી જગ્યાએ સ્થાપ્યા છે. તેથી તમે બધાએ તે આચાર્યની આજ્ઞા જેમ મારી આજ્ઞા પાળો છો તે જ રીતે તેમની આજ્ઞા પાળવી. જે કોઈ મારો આશ્રિત તે આચાર્યની આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તેની અધોગતિ થશે. તમે સૌ જે પ્રકારે ભક્તિભાવથી મારી પૂજા કરો છો તે જ રીતે તેવા જ ભાવથી આ બંને આચાર્યોની પૂજા કરવી. મારી પૂજા થી જેમ કલ્યાણ થાય છે તેમ આ બેઉ આચાર્યોની પૂજા કરવાથી પણ જરૂર કલ્યાણ થશે એ તમે નિઃશંક પણે માનજો. અમારી ગાદીએ બેસાડેલા આચાર્ય તે સાક્ષાત્ અમારું સ્વરૂપ છે.**

ધર્મવંશી આચાર્યશ્રીને ત્રણ અબાધિત અધિકારો આપેલા છે. (૧) મંદિરોમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવી (૨) ત્યાગીને મહાદીક્ષા આપીને સાધુ બનાવવા તથા ગૃહસ્થને સામાન્ય ભાગવતી દીક્ષા, આપીને હરિભક્ત બનાવવા. તેથી ધર્મવંશી આચાર્ય થકી ત્યાગી જ્યાં સુધી સાધુની દીક્ષા ન લે ત્યાં સુધી તે ભગવા વસ્ત્ર પહેરવા માત્રથી સ્વામિનારાયણ ભગવાનના સાધુ ગણાતા નથી. તેવી જ રીતે ગૃહસ્થ પુરુષ ધર્મવંશી આચાર્ય થકી અને ગૃહસ્થ સ્ત્રી આચાર્યશ્રીના પત્ની થકી ગુરુમંત્ર પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેઓ શ્રીહરિના સત્સંગી ભક્ત ગણાતા નથી.

શ્રીહરિના સમયે સ્વયં શ્રીહરિએ હાથમાં કલમ લઈને લખેલી શિક્ષાપત્રી તેમજ નંદ સંતો દ્વારા લખાયેલા શાસ્ત્રો જેવા કે વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, ભક્તચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય, મુક્તાનંદ કાવ્ય, હરિકૃષ્ણ લીલામૃત, શ્રીહરિ ચરિત્રામૃત સાગર, પ્રસાદાનંદ સ્વામીની વાતો, ગોપાળાનંદ સ્વામીની વાતો, સ્વામિનારાયણ સંહિતા, નંદ સંતો રચિત કીર્તનો વગેરે દરેક શાસ્ત્રોમાં ઓછા-વત્તા પ્રમાણમાં ધર્મવંશી આચાર્યશ્રીનો મહિમા વાંચવા સાંભળવા મળે છે. એટલું જ નહિ મુક્તાનંદ સ્વામી જેવા સંતોને તો એવું તાન હતું કે શ્રીહરિની જેમ જ અમારે તો શ્રીહરિએ સ્થાપેલા આ ધર્મવંશી આચાર્યોને જગતમાં પ્રસિધ્ધ કરવા છે.

વાસુદેવ માહાત્મ્ય ગ્રંથમાં ઉલ્લેખ છે કે ગુરુ થકી દીક્ષા લીધા સિવાય માણસને ભક્તિમાર્ગમાં પ્રવેશ નથી, ભગવાનની પૂજા કરવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી અને એ ગુરુ બ્રાહ્મણ તથા ભગવાનના ભક્ત હોવા જોઈએ. ગીતા મુજબ ગુરુ જ્ઞાની જોઈએ. સંયમી તથા સદા જાગરૂક હોવા જોઈએ. ગુણ ગ્રાહી હોવા જોઈએ. અને શિષ્યોને ગુરુ પ્રત્યે વફાદારી અને દ્રઢ વિશ્વાસ હોવો જોઈએ. **આપણા મોટા ભાગ્ય છે કે આપણે ગુરુ ક્યાંય શોધવા જવું પડતુ નથી. સ્વંય શ્રીહરિએ પોતાના કુળમાં આપણા માટે ગુરુ શોધીને આપ્યા છે. તે ગુરુમાં શ્રીહરિએ તમામ પ્રકારની લાયકાત મુકેલી છે. એટલું જ નહિ સ્વયં આચાર્ય સ્વરૂપે થઈને ધર્મધુરા સંભાળે છે. (ભગવાન નહી પરંતુ શ્રીહરિનું અપર સ્વરૂપ)**. જગતમાં ઘણા લોકો પોતાની બુદ્ધિથી ગુરુ શોધે છે. પરંતુ તેવા કેટલાક ગુરુઓને આજીવન જેલની હવા ખાવાનો વારો આવ્યો હોય તેવું સૌ કોઈ જાણે છે. આવા ગુરુઓ કે બની બેઠેલા કેટલાક ભગવાનો પોતે જ પોતાને આલોકમાં પણ સુખ નથી આપી શકતા તો તેના શિષ્યોને આલોક કે પરલોકમાં સુખ ક્યાંથી આપી શકવાના છે ?

આ બ્રહ્માંડમાં સર્વ શ્રેષ્ઠ ગુરુ ભગવાને જ્યારે આપણને આપ્યા છે ત્યારે સંવત ૨૦૭૪ માં આવતા આ ગુરુ પૂર્ણિમાના પવિત્ર પર્વ પ્રસંગે શ્રીહરિએ સ્થાપન કરેલી બે ગાદી પરત્વે નિષ્ઠા અને શ્રદ્ધા ધરાવતા સંત-હરિભક્તો ભેગા મળી મનન કરી નીચેની બાબતોને અમલમાં લાવી શ્રીહરિને રાજી કરીએ.


પ.પૂ. મહારાજશ્રી કે પ.પૂ. મોટા મહારાજશ્રી અથવા તો પ.પૂ. લાલજી મહારાજશ્રી ભીડમાંથી પસાર થતા હોય એવા સમયે ચરણ સ્પર્શ ન થઈ શકે એમ હોય તો મનોમન વંદન કરી રાજી થવું પરંતુ ખભે કે ઢીંચણે સ્પર્શ ન કરવો તેમજ અભિષેક પછી ધોતિયાને સ્પર્શ કરવાનો આગ્રહ ન રાખવો. આપણો જે શુધ્ધ ભાવ છે તે અંતર્યામી શ્રીહરિ તો જાણે જ છે ! હરિભક્તો માટે મર્યાદા અને વિવેક એ બહુ જરૂરી છે.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ



## લોયામાં શ્રીહરિએ શાક સુધાર્યુ તે ચાકુ



સર્વોપરી શ્રીજી મહારાજની હયાતિ સમયના વાતાવરણના બેક-અપની હાર્ડ કોપી એટલે આપણું મ્યુઝિયમ. તેવી જ રીતે લોયાના શાકોત્સવની ફ્લેવર પણ આજે સવા બસો વર્ષથી સંપ્રદાયમાં ફોરવર્ડ થતી આવી છે. જો કે શ્રીજી મહારાજે સ્વયં સંતો - હરિભક્તો માટે બનાવેલ શાકમાંની દિવ્યતા તો કલ્પવી જ રહી !!

મ્યુઝિયમના હોલ નંબર -૪માં રાખેલ આ શાક સુધારવાના ચાકુના દર્શન કરીએ ત્યારે એ શાકની ફ્લેવર આપણામાં ઘૂંટાય છે એટલે એ સમયે કેટલા કિલો શાક અને કેટલા કિલો ઘી વપરાયુ હશે તે આંકડા ગૌણ બની જાય છે. કારણ કે શ્રીજી મહારાજે સ્વયં આ ચાકુથી રીંગણ સુધાર્યા હતા.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જૂન-૨૦૧૮

**રૂા. ૨,૫૦,૦૦૦/- ઓસ્ટ્રેલીયા પ્રવાસ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રીની આવેલ ચરણ ભેટ**

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦/- | રમીલાબેન ગોવિંદભાઈ પટેલ - સંકલ્પ પુરો થયો તે નિમિત્તે - મણીનગર |
| રૂા. ૧૦,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૫૫૫/- | ગોહિલ મધુભા તખુભા - ભરૂચ |
| રૂા. ૫,૦૦૦/- | દયાબેન જયંતીલાલ આચાર્ય - મોરબી - હ. ચેતનાબેન મહેન્દ્રભાઈ |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. હિરાબેન જગમાલભાઈ ખેરના સ્મરણાર્થે, હ. ચંદુભાઈ ખેર - બળોલ-ભાલ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી જૂન-૧૮

| | |
|---|---|
| તા. ૦૧-૦૬-૧૮ | શ્રી મહિલા મંડળ સ્વામિનારાયણ મંદિર બહેનોનું દરબારગઢ, હ. સાં.યો. રાજકુંવરબા તથા ઉષાબા - મોરબી. |
| તા. ૦૨-૦૬-૧૮ | અ.નિ. અશોકકુમાર મથુરદાસ કાછીયા, હ. કલાબેન - લુણાવાડા |
| તા. ૦૩-૦૬-૧૮ | (સવારે) રાકેશભાઈ અમીચંદભાઈ પ્રજાપતિ - હિંમતનગરવાળા હાલ ગાંધીનગર |
| | (૧૧ કલાકે) શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - લુણાવાડા - હ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - લુણાવાડા |
| | (સાંજે) કરૂણાબેન કાંતિલાલ દાણી - પ્રે. શ્રીજીપ્રકાશ સ્વામી - હાથીજણ |
| તા. ૦૪-૦૬-૧૮ | સત્સંગી બહેનો - પ્રે. હજૂરી પાર્ષદ વનરાજ ભગત. |
| તા. ૦૫-૦૬-૧૮ | ડૉ. રમેશભાઈ શર્મા - જેતલપુર |
| તા. ૦૬-૦૬-૧૮ | (સવારે) ઠાકરશીભાઈ છગનભાઈ તારબુંદીયા - હ. સુપુત્ર ભગવાનજીભાઈ તથા ઈશ્વરભાઈ - પ્રે. સાં.યો. દયાબેન ગુરુ સાં.યો. રાજકુંવરબા તથા ઉષાબા - ધનશ્યામનગર મોરબી. |
| | (સાંજે) વર્ષાબેન એન. પાઠક તથા દિપ્તિબેન કે. - અમદાવાદ |

| | |
|---|---|
| તા. ૦૭-૦૬-૧૮ | વિનોદભાઈ રણછોડલાલ પટેલ (ટેક્ષીવાળા) - ચાંદલોડીયા |
| તા. ૦૮-૦૬-૧૮ | (સવારે) સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - મહાદેવનગર, હ. શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ. |
| | (બપોરે) જગદીશભાઈ કનુભાઈ પટેલ - હાથપાળીયા, જી. મહિસાગર - પ્રે. વિશ્વસ્વરૂપ સ્વામી |
| તા. ૦૯-૦૬-૧૮ | (સવારે) સમૂહ મહાપૂજા, ઝુંડાલ, પોર, ચાંદખેડા, ધમાસણા, ગાંધીનગર, સત્સંગ સમાજ - હ. સુમનભાઈ પટેલ. |
| | (બપોરે) શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - મેમનગર - હ. વિશાલ કોઠારી. |
| તા. ૧૦-૦૬-૧૮ | (સવારે) શ્રી સ્વામિનારાયણ મંદિર - મહિલા મંડળ  એપ્રોચ - હ. રૂપમબેન. |
| | (બપોરે) શ્રી સ્વામિનારાયણ મંદિર - સત્સંગ સમાજ તથા યુવક મંડળ - વડુ |
| | (સાંજે) શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - નારણઘાટ. |
| તા. ૧૩-૦૬-૧૮ | સત્સંગ સમાજ શ્રી સ્વામિનારાયણ મંદિર - કર્મશક્તિનગર નરોડા - હ. મહિલા મંડળ |
| તા. ૧૭--૦૬-૧૮ | (સવારે) રૂદ્ર તુષારભાઈ પટેલ - સાબરમતી. |
| | (સાંજે) નિર્મળાબેન ડી. મહેતા - યુ.એસ.એ. |
| તા. ૧૮-૦૬-૧૮ | જવનિકાબેન કનુભાઈ પટેલ (પલીયડવાળા) |
| તા. ૧૯-૦૬-૧૮ | અ.નિ. ભીમજી કુરજી હાલાઈ - મેઘપર-કચ્છ હાલ યુ.કે. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સાચા ભક્તો કેવા હોય ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વિસનગરની આ વીસવસાની વાત ! વિસનગરના હરિભક્તો બહુ બહાદુર હતા. લડવામાં નહીં પણ સત્સંગ જાળવવામાં

બહાદુર બે જાતના હોય છે. કોઈ કહેશે આ ભાઈ બહુ બહાદુર છે હો... દશ જણને પાછા કાઢ્યા અને બે જણને પાડી દીધા. પરંતુ આધ્યાત્મિક બાબતમાં બહાદુર, શુરવીર કોને કહેવાય કે જે સદ્‌ગુણને ટકાવી રાખે, ગમે તેવી મુશ્કેલી આવે છતાં સત્સંગની દૃષ્ટિએ પાછા ન પડે.

વિસનગરના ભક્તોને સત્સંગ જાળવવામાં થોડી કસોટી થયેલી. ગામમાં એક આગેવાન સૂબો હતો. સત્સંગનો ભારે દ્વેષી, સત્સંગીને જુએ ને અંદર જલન ઉપડે. ઘા ઉપર મરચું ભભરાવ્યું હોય એવી બળતરા થાય. કોઈ ભગવાનના ભક્તને જુએ, ચાંદલો ભાળે ને બળી મરે.

એકવાર થોડા સત્સંગીઓને એણે ધમકાવ્યાં. મોટા ચાંલ્લા કરીને નીકળ્યા છો, બંધ કરો આ બધું ધતીંગ, તો ભક્તો કહે છે - પણ અમે આ ચાંદલા કરીએ છીએ એ કંકુને ગોપીચંદનનું બીલ કાંઈ તમારા ઉપર થોડું આવે છે, એ તો અમારી મરજીની વાત છે. સુબો કહે છે - તમારો ચાંદલો જોઈને મને રીસ ચડે છે.

વિસનગરના ભક્તો ભેળા થયા. કહે છે, આપણો ચાંદલો જોઈને એને રીસ ચડે છે તો આપણે બધાય કાલથી મોટો ચાંદલો કરજો. એને સરખો દેખાય. બિચારો આપણો ચાંદલો વ્યવસ્થિત જોઈ શકે.

સજ્જનો ! આ તિલક અને ચાંદલો એ કોઈ બાહ્ય ચિહ્ન નથી, એ તો એક સમર્પણની ગાથા છે. જેને શરમ અને સંકોચ થતો હોય એણે આ કથા સમજવાની કે તિલક અને ચાંદલા માટે તો ભક્તોએ કેટલું સહન કર્યું છે ! ઢીલા, કાચા-પોચા સત્સંગીઓને પછી બઢતી ન મળે એ ત્યાં ને ત્યાં જ રહે. શૂરવીર હોય એ આગળ વધે. આપ સૌ જાણતા જ હશો કે સરકારી ખાતામાં એવો નિયમ છે કે સર્વિસ કરતા હોય એને ટ્રેનિંગ આવે. ઘણાં કહેતા હોય છે હવે મહિનો અમદાવાદ જવું પડશે. કેમ શું થયું ? તો કહેશે ટ્રેનિંગ છે. એ તાલીમ પુરી થાય એટલે પછી પરીક્ષા આવે. એ પરીક્ષા સફળ કરે એટલે એને બઢતી મળે.

આપણે શાસ્ત્રો વાંચીએ છીએ, કથાઓ સાંભળીએ છીએ એ આપણી ટ્રેનિંગ છે. એમાં પછી ક્યાંક પરીક્ષા પણ આવે. પરીક્ષા એટલે કસોટી. સરકારી પરીક્ષા તો સમજ્યા, એ તો સાહેબને થોડું કરગરો એટલે આઠ-દસ માર્ક ઉમેરી દે પણ આ પરીક્ષા જરા કઠિન હોય છે. ઓચિંતી આવે, કોઈ તારીખ નક્કી નહીં.

આપણા જીવનમાં ગમે ત્યારે કઠિનાઈ, વિપત્તિ આવે એ જ કસોટી, એ જ પરીક્ષા. બીજી વાર કેમ્પ ભરવો પડે. ઘણીવાર સત્સંગી તરીકેની આપણી કસોટી થતી હોય છે. એમાં સાવધાન રહીએ તો જરૂર બઢતી મળે. શ્રીજીમહારાજ ચોક્કસ કહે કે, હા.... હવે તું પાસ.

વિસનગરના ભક્તોની આવી જ કસોટી થયેલી. આ સૂબો તેજો દ્વેષી હતો. કોઈનું સુખ જોઈ ન શકે. એ વાતો કરતો કે આ સ્વામિનારાયણ વાળા બધા જલસા કરે છે. બધા ખાધે-પીધે સુખી છે. ઉજળે કપડે ફરે છે. એને સીધા કરવા છે. અને એ તો સત્તા ઉપર હતો. એટલે ધીમે ધીમે સત્સંગીને પજવવા માંડ્યો. હેરાન કરે.

એકવાર વૈશાખ મહિનામાં ભર ઉનાળે બહાર

તડકે ધોમધખતા તાપમાં બેસાર્યા. પરસેવો ચાલ્યો જાય. તોય ભક્તો બેઠા બેઠા ધૂન કરે. એમાં આ સૂબાની બહેન પોતાના નાના દીકરાને લઈને સત્સંગીઓ જોડે આવીને બેસી ગયાં. એટલે તરત સૂબો આવીને બોલ્યો, બેન ! તમે કેમ આવ્યા છો ? ત્યારે આ બહેન કહે છે, જો તું મારો ભઈ છે એ કૌટુમ્બિક દ્રષ્ટિએ અને આ બધા બેઠા એ મારા સાચા ભાઈઓ છે. એટલે હું એમની સાથે બેસવાની. પણ આ છોકરાનો તો વિચાર કર. જે થવું હોય તે થાય. તને વિચાર નથી આવતો તો મને વિચાર કરવાની જરૂર જ નથી. એટલે પછી સૂબાએ બધા સત્સંગીઓને કીધું - જતા રહો. ધન્ય છે એ બહેનને કે જેમણે સગાભાઈ કરતાં પણ સત્સંગીનો, ભક્તનો સંબંધ સાચો જાણ્યો અને પક્ષ રાખ્યો. આવો તેજોદ્વેષી સૂબો લેવા-દેવા વગરનો સત્સંગીઓને પજવતો પણ ધન્ય છે એ વિસનગરના ભક્તોને કે તડકે બેસવા છતાં એમની કંઠી કે ચાંદલો ભૂંસાયા નહી.

મિત્રો ! આ વાત વાંચીને આપણે વિચાર કરી રાખવાનો, પોતાના જીવન સાથે થોડો સરખાવી જોવાનો કે આપણી આવી કસોટી થાય, જો કોઈ બહાર તડકે બેસાડે તો શું દશા થાય ! આપણને એમ થાય કાંઈ વાંધો નહીં પૂજા કરી લેશું ને પછી ચાંદલો કાઢી નાંખીશું.

માટે વ્હાલા મિત્રો ! ઢીલા ન થશો. મજબૂત થજો. શૂરવીર સત્સંગી અને સહજાનંદી સિંહ થવું. ગમે તેવી વિપત્તિમાં ટેક છોડે નહી તો એ ભક્ત સાચો ગણાય. ''વિપતે વરતી રે કદી દીન વચન ન ભાખે.''

●

### ભગવાન આપે તે ટકે છે

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

માણસ તો મુશ્કેલીના સમયે મુંઝાય તે તો સમજાય તેવી વાત છે. પરંતુ લક્ષ્મીજી જેવા દેવી મુંઝાય તે કેવી વાત ગણાય ! લક્ષ્મીજીની મુંઝવણ થોડી અલગ પ્રકારની હતી. ''પરોપકારાય સતાં વિભૂતયઃ'' લક્ષ્મીજીની મુંઝવણ પરોપકારને અનુલક્ષીને હતી જે આપણને આ વાત ઉપરથી ખ્યાલ આવશે.

લક્ષ્મીજીને વિચાર આવ્યો કે આ ધરતી ઉપરથી ગરીબી દૂર કરી નાંખું. તેમણે આ વિચાર ભગવાન શ્રી વિષ્ણુ આગળ રજુ કર્યો. પ્રભુ કહે, રહેવા દો. આ ભેદ તો અનાદિકાળથી છે અને રહેવાના જ છે. ગરીબ અને તવંગરના ભેદ કર્મ અને ધર્મને આધિન છે. તેમાં આપણે હસ્તક્ષેપ કરવો યોગ્ય નથી. ક્યાંક ઉલટા ફસાઈ જવાય. પણ આ તો લક્ષ્મીજી. તેમણે કહી દીધું કે જે થવું હોય તે થાય, મારે ગરીબી દૂર કરવી જ છે. તમે સહકાર આપો કે ન આપો, ગમે તે ભોગે હું કરીશ. સહકાર ન આપો તો પણ સાથે આવો. અને જુઓ હું કેવી રીતે ગરીબી દૂર કરું છું.

પ્રભુને સાથે આવવામાં કોઈ વાંધો નહોતો. ભગવાન અને લક્ષ્મીજી પૃથ્વી ઉપર આવ્યાં. તેમને પહેલાં જ એક કઠિયારો મળ્યો. ધોમધખતા તાપમાં માથે લાકડાનો ભારો. શરીર પર પરસેવાના રેલા ઉતરે કપડાંના કોઈ ઠેકાણાં નહી. આવી સ્થિતિવાળા કઠિયારાને જોઈ લક્ષ્મીજીને વિચાર આવ્યો કે લાવો મારા કામની શુભ શરૂઆત હું આ કઠિયારાથી જ કરૂ. આ સુખી થઈ જાય પછી બીજો, ત્રીજો એમ કરતાં આખી દુનિયાને ગરીબીમાંથી મુક્ત કરી દઉં.

કઠિયારા પાસે જઈને પોતાની ડોકમાંથી ભારે કિંમતી સોનાનો હાર ઉતારી કઠિયારાને આપી દીધો. મનમાં રાજી થતાં લક્ષ્મીજી પ્રભુ સાથે પાછા વળી ગયાં. બીજા દિવસે વળી પૃથ્વી પર આવી અને એ જ જગ્યાએથી પસાર થયા ત્યારે ઠાકોરજીએ લક્ષ્મીજીનું ધ્યાન દોરતા કહ્યું - દેવી ! કાલે તમે જેને કિંમતી હાર આપેલો એ જ કઠિયારો હજુ લાકડાં કાપી રહ્યો છે. આ જોઈને લક્ષ્મીજીને ખૂબ નવાઈ લાગી. કઠિયારાને કારણ પૂછતાં તેણે કહ્યું કે - ઘરે જતાં નદી આવી. નદી કાંઠે હાર મુકી પાણી પીવા ગયો અને પાછો આવ્યો ને જોયું તો હાર હતો જ નહિ. કોઈ માણસની તો અવરજવર હતી નહીં પણ ખબર ન પડી કોણ લઈ ગયું. હિંમત હારે તો

લક્ષ્મીજી શાનાં ? તેમણે લાખોની કિંમતનું એક રત્ન કઠિયારાના હાથમાં મુકી દીધું. તેમણે તો મક્કમ વિચાર કરી લીધો હતો કે ગમે તે ભોગે મારે ગરીબી દૂર કરવી જ છે.

ત્રીજા દિવસે ફરી પાછો એ જ ક્રમ ! આજે તો લક્ષ્મીજીને હતું કે હવે કઠિયારો સુખી થઈ ગયો હશે તેથી લાકડાં કાપવા નહી આવે પણ આ શું ! એ જ કઠિયારો પુર જોશથી લાકડાં કાપી રહ્યો છે. તેમને બહુ નવાઈ લાગી. પ્રભુ કહે છે, દેવી અમે પ્રથમથી જ કહીએ છીએ કે આ ગરીબી કર્મધર્માધિન છે. તેમાં દરમિયાનગીરી કરવી યોગ્ય નથી. લક્ષ્મીજીએ કારણ પૂછતાં કઠિયારો કહે કે રત્ન ખિસ્સામાં રાખી પાણી પીવા વળ્યો ત્યાં રત્ન સરકીને પાણીમાં પડી ગયું. ઘણું શોધવા પ્રયત્ન કરવા છતાં ન મળ્યું. તેથી આ લાકડાં કાપવા સિવાય કોઈ રસ્તો નથી.

બહુ વિચાર કરી લક્ષ્મીજીએ એક અક્ષયપાત્ર કઠિયારાને આપ્યું. તાંબાના વાટકા જેવું અક્ષયપાત્ર લઈને કઠિયારો ઘરે આવ્યો. લક્ષ્મીજીના શીખવાડ્યા પ્રમાણે ચિંતવ્યું. તે બધું આ પાત્રમાંથી મલ્યું. ઘણા દિવસો પછી પેટ ભરીને આખા કુટુંબે ખાધું. કઠિયારો પણ આનંદમાં આવી ગયો કે લક્ષ્મીજીની મહેરબાનીથી મારી ગરીબી દૂર થઈ ગઈ. હવે મારે મજૂરી નહી કરવી પડે. રાત્રે બધા સૂઈ ગયા. બીજા દિવસે પરવારીને જ્યાં અક્ષયપાત્ર લેવા ગયા તો ગજબ ! અક્ષયપાત્ર પણ ગુમ. હવે શું કરવું ? પાછો કઠિયારો ખભે કુહાડો અને દોરડું લઈ જંગલમાં ઉપડ્યો.

આજે લક્ષ્મીજી અને પ્રભુ આવ્યા ત્યારે કઠિયારાને ન જોયો. તેથી લક્ષ્મીજીને આનંદ થયો કે હવે કઠિયારાને મહેનત મજૂરી નહી કરવી પડે અને પ્રભુને કાંઈ વાત કરે ત્યાં તો સામેથી કઠિયારાને આવતો જોયો. લક્ષ્મીજીતો હવે ભારે મુંઝાઈ ગયા. આને હું જેમ જેમ સુખી કરવા પ્રયત્ન કરૂં છું તેમ તેમ તે વધુ ગરીબ થતો જાય છે. શું કરૂ ! કારણ પૂછતાં કઠિયારો કહે - કાલે તો અમે પેટ ભરીને જમ્યા પણ એ અક્ષયપાત્ર પણ પાછું કોઈ ચોરી ગયું. તેથી ફરીથી આવી ગયો છું. હવે તો લક્ષ્મીજીની મુંઝવણનો પાર ન રહ્યો. ભગવાનને હાથ જોડીને લક્ષ્મીજી વિનંતી કરવા લાગ્યા. હે પ્રભુ ! દયા કરો. ગરીબોને સુખી કરવાની મારી ઈચ્છા પુરી કરો. લક્ષ્મીજીની પ્રાર્થનાથી પ્રભુને દયા આવી. અને કઠિયારાને ફક્ત ચાર આના આપ્યાં.

ભગવાન જ્યારે કાંઈ આપે છે ત્યારે સાથે સદ્‌બુદ્ધિ અને સદ્‌વિચાર આપે છે. આ કઠિયારાને ઘરે જતાં વિચાર આવ્યો. શેઠ પાસેથી પાંચ-છ મહિના પહેલા ચાર આના ઉછીના લીધા હતા તે આજે ચુકવી દઉં. મારૂં તો જે થવાનું હશે તે થશે પણ દેવું ચૂકતે કરી દઉં. શેઠને ત્યાં જઈને ચાર આના આપ્યા. માફી માંગીને કહેવા લાગ્યો, કે શેઠ ! પરિસ્થિતિના લીધે પૈસા ચૂકવી શક્યો નહોતો પણ આજે ચાર આના મળ્યા છે તેથી દેવું ચૂકવવા આવ્યો છું. શેઠ કહે, આજે સવારે તારા ઘરે ઉઘરાણી માટે આવ્યો હતો પણ તું સૂતો હતો પણ આ વાટકો જોયો તો ચાર આનાના બદલામાં વાટકો લઈ આવ્યો હતો પણ તેં ચાર આના ચૂકવી દીધા તેથી વાટકો તને આપી દઉં છું.

કઠિયારાનું તો કામ થઈ ગયું. ઘરે આવી બધાએ સારા ભોજનનું ચિંતવન કરી પેટ ભરીને ખાધું. આનંદથી સૂઈ ગયો. સવારે ઉઠીને સ્નાન કરવા ગયો ત્યાં પગમાં કાંઈ લાગ્યું તો નીચે વળીને પાણીમાં હાથ

(અનુ. પેજ નં. ૨૧ ઉપર)

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**magazine@swaminarayan.in**

મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ

# ॥ ભક્તિસુધા ॥

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "આપણું સાચું સુખ ક્યાં છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

એકદમ ગંભીરતાથી જીવનમાં ક્યારેય વિચાર્યું છે કે પરમાત્મા મારા છે કે આ જગત મારું છે. જ્યારે કથા સાંભળીએ છીએ કે જીવનમાં ક્યારેક વિપરીત પરિસ્થિતિનો અનુભવ થાય છે ત્યારે થોડીવાર માટે પરમાત્મા યાદ આવે છે.

ભગવદ્ ગીતામાં એવું આવે છે કે જીવ પરમાત્માનો અંશ છે. તો આપણે જેના અંશ છીએ એને છોડીને જગત સાથે વધારે હેત રાખીએ છીએ **તે ઉચિત કહેવાય ? આ વિષય પર ક્યારેય મનમાં ઉંડુ વિચાર્યું છે ?** આ જીવ જગતમાં આવે છે. શરીર ધારણ કરે છે. પછી પ્રત્યેક ક્ષણે શરીરથી અને જગતથી છૂટતો જાય છે. શરીર ધારણ કર્યા પછી એક કલાક બે કલાક દિવસો વર્ષો જેમ જેમ વીતતા જાય છે તેમ તેમ આ જગતમાં રહેવાનો ટાઈમ પણ ઓછો થતો જાય છે. તો જેની સાથેથી છૂટવાનું છે પ્રત્યેક ક્ષણે, તેની સાથે હેત રાખવાનું કારણ શું ? આપણને આ શરીર સાથે અને આ જગત સાથે હેત વધતું જાય છે. **આવું કેમ થાય છે ? આપણે આ જગતમાં ખોવાઈ કેમ જઈએ છીએ ?** તો જેમ આપણે જેની સોબતમાં વધારે રહીએ છીએ તેની જોડે જ વધારે હેત થાય છે એના સિવાય ચાલતું જ નથી. બીજુ કાંઈ સુઝતું જ નથી. ત્યાં જ લાગણી બંધાઈ જાય છે. તો તેમ આ જ વસ્તુ શરીર જોડે અને જગત જોડે લાગુ પડે છે. શરીરનું કેટલું બધું ધ્યાન રાખવું પડે છે. ટાઈમે જમવાનું સૂવાનું બધી રીતે શરીરને સાચવવાનું. બધું બરાબર જરૂરી છે. પણ તેમાં બંધાઈ નહિ જવાનું. ખાવામાં કાંઈક ગરબડ થઈ જાય ઓછું ઉંઘવા મળે આમ શરીરને સાચવવા માટે ભૂલ થાય છે. તે શરીર ઉપર દેખાઈ આવે છે. રોગ અને કષ્ટના રૂપમાં શરીર આપણને સજા આપે છે. જ્યારે તમે જગત સાથે હેત રાખો તો પણ એવું થાય છે. માણસને સ્વાર્થ હોય છે. **માણસ આપણી સાથે સારી રીતે કેમ રહે છે કે એ મારી સાથે સારી રીતે રહે માટે અને જેણે તમને મદદ કરી હોય ને તે કોઈને કોઈ રીતે તમને યાદ અપાવી જ દે છે કે મેં તમારું આ કાર્ય કર્યુ.** તો વિચારો કે ભગવાન કેટલા બધા દયાળુ છે. ભગવાને આપણા માટે કેટલું બધું કર્યું છે છતાં પણ ક્યારેય એવી કીધું છે કે **તમે જે શ્વાસ લઈ રહ્યા છો તે પણ મેં આપેલા છે.** આપીને બધુ જ ભૂલી જાય છે. બધું માફ કરી દે છે. જ્યારે જગતના લોકો એમનો અહમ્ સંતોષાશે ત્યાં સુધી રાજી રહેશે. અને આ જગતના સંબંધો સાચવવા માટે કેટલું બધું કરવું પડે છે. તમારા દીકરા-દીકરી કે પતિ જે ઓફિસેથી ઘેર આવે તો એમના માટે કેટલું બધું તૈયાર રાખવું પડે છે. જ્યારે ભગવાન ને ભાવથી પેટ ભરાઈ જાય પછી ભગવાનને કાંઈ જોઈતું નથી. એનો અર્થ એવો નથી કે ભગવાનને થાળ નહિ ધરાવવાનો, પણ ક્યારેક આપત્કાળ હોય તો આપણે એવું કરીએ છીએ. માનસી પૂજા કરી લઈએ છીએ. મહારાજ આપણા માટે મનુષ્ય જન્મ ધારણ કરી આ પૃથ્વી પર આવ્યા. મંદિરો, શાસ્ત્રો, સંતો બધું જ આપ્યુ અને સત્સંગમાં જન્મ પણ આપ્યો છે. તો **આપણે મહારાજ માટે શું કરીએ છીએ?** બે માળા કરતા વધારે કાંઈ પણ કરવા તૈયાર થતા નથી. એના કરતા કાંઈ વધારે કરવાનો આપણા

પાસે સમય નથી. તો એ ઉચિત છે ? અને પરમાત્માને તો કાંઈ પણ જોઈતું નથી. આપણે ભગવાન જોડે હેત રાખીએ છીએ તે પણ આપણા કલ્યાણ માટે જ છે. જેના માધ્યમથી આપણે આ સંસારથી છૂટતા જઈએ છીએ. તો આપણે શાંતિથી વિચારવાનું કે, **'આપણું સાચું સુખ ક્યાં છે' ? આ જગત જે પરિવર્તનશીલ છે. જેનાથી આપણે પ્રત્યેક ક્ષણે છૂટતા જઈએ છીએ એમા બંધાઈ જઈએ છીએ. તો તે જગત જોડે અને શરીર જોડે પ્રેમ કરવાનું ઉચિત છે કે પરમાત્મા જે 'શાશ્વત' છે એના જોડે 'પ્રેમ' કરવાનું ઉચિત છે.**

આ સમયે મહારાજે જીવની **'કરણી'** સામું તો જોયું જ નથી. **'દૈવી'**, **'આસુરી'**, **'મુમુક્ષુ'**, **'જિજ્ઞાસુ'**, **'વિષયી'** કે **'પામર'** જે જીવ પોતાના શરણે આવ્યા છે તેની પાત્રતા જોયા વગર સગરામ વાઘરી જેવા ભક્તનું પણ મહારાજે કલ્યાણ કર્યું છે.

દૈવી જીવોનો મોક્ષ તો બીજા અવતારએ કરે પણ દૈવી કે આસુરી સર્વેનો મોક્ષ કરવો એ તો **'અવતારી' શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થાય ત્યારે જ થાય.** આ સમયે મહારાજે નક્કી કરેલું કે જેનો દઢ નિશ્ચય હોય મારા સ્વરૂપની નિષ્ઠા હોય અને મને કર્તા-હર્તા સમજતા હોય તેને મારા ધામમાં લઈ જવા છે.

**"જાણિયે આખા જગતને લઈ જઈએ અમારે ધામ**
**કેડે ન રાખીએ કોઈને એમ હૈયે ઘણી છે હામ**
**ફરી ફરી ફેરો પડે એવું કરવું નથી આ વાર**
**સહુ જીવનો સામટો, આજ કરવો છે ઉધ્ધાર."**

મહારાજે કેટલું બધું સહેલું કરી દીધું છે. છતાંયે આપણે ના કરી શકીએ તો વાંક કોનો ? **જે આપણી ઉપર છે કે આપણે મોક્ષે જવું છે કે આ જગતમાં રહેવું છે.** માતા હોય છે તેને ઘરમાં કેટલું બધું કામ હોય છે. એટલે બાળકને રમકડું પકડાવે છે. પરંતુ બાળકને ભૂખ લાગી હોય ત્યારે તેને રમકડા દેખાતા નથી. બધું છોડીને રડતું રડતું મા પાસે જ જાય છે. તેમ મહારાજને પણ કેટલું બધુ કામ છે. આખી સૃષ્ટિનું સંચાલન કરવાનું છે. ભગવાન પણ કામમાં વ્યસ્ત છે. માટે આપણને આ જગતરૂપી રમકડું આપી દીધું છે. પરંતુ **જીવને જ્યારે મોક્ષની ભૂખ લાગશે ત્યારે આ જગતરૂપી રમકડું તેને દેખાશે નહિ. જીવ દોડીને ભગવાન પાસે જ જશે. જ્યાં સુધી જીવને મોક્ષરૂપી સાચી ભૂખ નહિ લાગે ત્યાં સુધી જીવ જગતરૂપી રમકડામાં ઓતપ્રોત રહેશે.** આપણે જો **'નિશ્ચય'** અને **'નિષ્ઠા'** દઢ રાખી મહારાજને કર્તા-હર્તા જાણી ૧૦૦% સમર્પિત થઈ જઈશું તો ભગવાન પણ આપણને ૧૦૦% સાચવી લેશે.

●

**'અંતરમાં રહેલા સ્વભાવ દોષ અને પ્રકૃતિને ઓળખો'**

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ)

આપણી અંદર રહેલા સ્વભાવો, દોષો, પ્રકૃતિ જેવાં આંતરિક શત્રુઓને પરાસ્ત કરવા સ્વભાવોના સ્વભાવ અને લાક્ષણિકતા સમજીએ. ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગઢડા અત્યં પ્રકરણ-૨૦ માં કહ્યું છે કે 'જીવે જે પૂર્વ જન્મને વિષે જે કર્મ કર્યા છે તે કર્મ પરિવકવ અવસ્થાને પામીને જીવ ભેળાં એકરસ થઈ ગયા છે. જેમ લોઢા ને વિષે અગ્નિ પ્રવેશ થઈ જાય, તેમ પરિપકવતાને પામીને જીવ સાથે મળી રહ્યાં એવા જે કર્મ તેને જ સ્વભાવ કરીએ અને તેને જ વાસના તથા પ્રકૃતિ કહીએ' આમ સ્વભાવ એટલે પૂર્વકર્મના પરિપાક રૂપે થઈ જે પ્રકૃતિ તે ! એટલે ક્ષેત્રજ્ઞ, જીવાત્મામાં કારણરૂપે બંધાઈ રહેલો શુદ્ધ વિષયવાસનારૂપ સ્વભાવ છે.

ગુણાતીતાનંદ સ્વામીએ સ્વભાવનું નિદર્શન કરતાં કહ્યું છે : 'વિષયના સંકલ્પ થાય એતો વાસના કહેવાય, પણ ભગવાનની સ્મૃતિ કરતાં જે સંકલ્પ થાય તે સર્વ સ્વભાવ કહેવાય. એક નાનકડી કોમ્પેટડિસ્ક (સી.ડી.)માં ૧૦,૦૦૦ પુસ્તકોની માહિતી આવી જાય છે, તેમ અનંત જન્મોના કર્મ, સ્વભાવો, જીવ નામની નાનકડી ડીસ્ક સાથે ચોંટી ગયા છે.

'તુલસી ઈસ સંસારમેં, ભાત ભાત કે લોગ' આ પંક્તિ મનુષ્ય સ્વભાવની સ્થૂળ રૂપ વિચિત્રતાઓ અને વિવિધતાનો પડઘો પાડે છે. કોઈને કામનો સ્વભાવ હોય, કોઈકને માનનો સ્વભાવ હોય, કોઈકને ઈર્ષાનો સ્વભાવ હોય, કોઈકને સ્વાદનો સ્વભાવ હોય.

આ બધા સ્વભાવો કેવી રીતે ટળે તેના ઉપાયો બતાવતા ગુણાતીતાનંદ સ્વામી ૧૪ માં પ્રકરણની આઠમી વાતમાં કહે છે કે 'પોતામાં જે સ્વભાવ વસતા હોય તે દરવાજે ઉભા રહીને જોવા. પછી તે જેવી રીતે ટળે તેવો સંગ કરવો, તેવાં શાસ્ત્ર વાંચવાં, તેવાં કીર્તન ગાવા, તેવાં જ નિયમ વૃદ્ધિ પમાડવા. તેવું જ શ્રવણ વધારવું ને તેવું જ મનન કરવું એ બધા સ્વભાવ સમજીને ટાળે ત્યારે ટળે.

શ્રીજી મહારાજે પણ વચનામૃત સારંગપુર પ્રકરણ-૧૮ માં કહ્યું છે કે 'જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે. તેની પેઠે જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે. અને તે એમ વિચારે જે, 'જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારો આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે, અને વર્ષો વર્ષ પોતામાં વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વને તપાસ્યા કરે પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહિ તેની પેઠે ન કરે.' એવી રીતે જે સત્સંગ કરીને પોતાની જો તપાસ કરતો રહેતો તેને જે જે સ્વભાવ હોય તે સર્વ નાશ પામી જાય છે.' આમ સત્સંગ થયા પછી જો નામું માંડે તો કઠણ સ્વભાવ પણ ટળે. આ રીતે સતત અંતરદષ્ટિ કરીને જે તે સ્વભાવ પ્રત્યે શત્રુંપણું રાખીને તેને પરાજય કરવા નામું માંડતા રહીએ તો ગમે તેવો કઠણ સ્વભાવ હોય તે પણ નાશ પામે.

અનુ. પેજ નં. ૧૮ નું ચાલુ

ફેરવ્યો તો પેલું પડી ગયેલું રત્ન મળી ગયું. તેના આનંદનો તો પાર ન રહ્યો. તે સમજી નહોતો શકતો કે આ યોગાનુંયોગ છે કે ભગવાનની કૃપા, ધન્ય પ્રભુ તારી લીલા ! ધન્ય પ્રભુ ! બોલી ઉંચે નજર કરીને હાથ જોડ્યા. ઉપર નજર કરી તો સામે વૃક્ષ પર સમડીના માળામાં કાંઈ ચમકતી વસ્તુ દેખાઈ. સડસડાટ તે ઝાડ ઉપર ચડી ગયો ને જોયું તો લક્ષ્મીજીએ આપેલો સોનાનો કિંમતી હાર અહીં પડ્યો હતો.

કઠિયારો તો વિચારવા લાગ્યો કેવી ગજબની વાત છે ! ઘણી મહેનત કરવા છતાં કશું નહોતું મલતું. જ્યારે આજે ચારે બાજુથી એક સામટું મલી ગયું. તે તો સુખી થઈ ગયો. પણ ભગવાનની ઈચ્છાથી પ્રાપ્ત થયેલ સુખ તેને બંધનરૂપ ન થયું. તે ભગવાનનો ખરો ભક્ત બની ભક્તિમય જીવન પસાર કરવા લાગ્યો.

આ બનાવ જોયા પછી લક્ષ્મીજીને પોતાની ચિંતાનું પોતાની મુંઝવણનું ખરૂં કારણ મળી ગયું. તેમને વિશ્વાસ થયો કે જ્યાં સુધી ભગવાનનો સહારો - મદદ ન મળે ત્યાં સુધી કોઈ કાર્યમાં સફળતા મળતી નથી. પોતે કઠિયારાની ગરીબી દૂર કરવા કેટકેટલી મદદ કરી, કેટકેટલું આપ્યું છતાં ગરીબી ન મટી પણ ભગવાને ફક્ત ચાર આનામાં ગરીબી દૂર કરી દીધી.

મિત્રો ! જોયું ને જ્યાં સુધી પરમાત્માની કૃપા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સફળતા પ્રાપ્ત થતી નથી. જેને પણ સુખી થવું હોય તેણે પોતાની મહેનત, પોતાનો ઉદ્યમ તેમાં પરમાત્માની કૃપા મળે તેવા પ્રયત્નો જરૂર કરવા. કારણ કે પરમાત્માની થોડી કૃપા, થોડી કરૂણા પણ અનંત દુઃખોને દૂર કરનાર છે. આ બનાવ પછી તો લક્ષ્મીજીએ ગરીબી દૂર કરવાનો સ્વપ્રયત્નનો હઠાગ્રહ છોડી દીધો ને જાહેર કર્યું કે જેણે સુખી થવું હોય તેમણે ભગવાનની ભક્તિ કરવી ને પ્રભુ આજ્ઞા મુજબ જીવન જીવવું.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ અને દશ ઈન્દ્રિઓરૂપ જે દાઢ્યો તે સર્વે કેવી થઈ જાય છે ?

પ્ર. ૨ પૃથિવ્યાદિ દ્રવ્યનું પિંડીકરણ કરવાનું લક્ષણ ક્યા ભુતનું છે ?

પ્ર. ૩ ભગવાનને રાજી કરવા નારદજી કેટલા મન્વંતર સુધી ગાનવિદ્યા શિખ્યા ?

પ્ર. ૪ વૃંદાવનને વિષે શ્રીકૃષ્ણ ભગવાન કઈ કળાને આશર્યા હતા ?

પ્ર. ૫ સર્વે સત્સંગી તો અણ સમજુ છે ને હું સમજું છું એમ જાણીને રાત્રિ દિવસ પોતાના હૈયામાં મૂંઝાયા કરે અને કોની પેઠે ધુંધવાયા કરે ?

પ્ર. ૬ સમગ્ર ઈન્દ્રિયોના નિયંતા કોણ છે ?

પ્ર. ૭ ''કૃષ્ણ હરિ હરિકૃષ્ણ મનોહર, ભજી લે નર ઉર ધારી રે.....'' - કીર્તનના રચયિતાનું નામ જણાવશો.

